સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

Re-Accredited Grade "A"by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કાર્યાલય,
યુનિવર્સીટી કેમ્પસ, યુનિવર્સીટી રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એકસ) ૨૧૪


નં.જોડાણ/૯/૨૦૩૨/૨૦૧૮

તા.૩૧/૧૨/૨૦૧૮/ ૧૪/૦૨/૨૦૧૯

વિષય :- રાજ્યની સરકારી કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને યુજીસીના ધોરણો લઘુતમ પગારધોરણ રૂ.૪3000/- નિર્ધારણ કરવા બાબત

સંદર્ભ:- શિક્ષણ વિભાગ -ગાંધીનગર નાં ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/MR-34/ખ ( પાર્ટ ફાઈલ) તા.૧/૧૨/૨૦૧૮

પરિપત્ર:-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સંદર્ભિત ઠરાવ થી રાજય ની સરકારી કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને યુજીસી ના ધોરણે લઘુતમ પગાર ધોરણ રૂ.૪3000/- નિર્ધારણ કરવામાં આવેલ છે, જે પરત્વે યોગ્ય કાર્યવાહી થવા વિનંતી છે.

બિડાણ:-
સંદર્ભિત પત્ર ની નકલ

કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન સર્વે સરકારી અને બિનસરકારી કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ
નકલ સાદર રવાના :-
૧) માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
૨) એકેડેમિક ઓફિસરશ્રી
નકલ રવાના (વેબસાઈટ પર પ્રસિધ્ધી અર્થે) :-
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ

રાજયની સરકારી કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓને યુજીસીના ધોરણે લઘુત્તમ પગારધોરણ રૂ.૪૩,૦૦૦/- નિર્ધારણ કરવા બાબત

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટ
શૈક્ષણિક વિભાગ
11 DEC 2018
ઇનવર્ડ નંબર 26-25

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
જોડાણ વિભાગ
17 DEC 2018
ઇનવર્ડ નંબર : 2282

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૧૨૦૧૦/MR-૩૪/ખ(પાર્ટ ફાઇલ)
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૦૧.૧૨.૨૦૧૮

વંચાણે લીધા-

(૧) વિભાગનો તા.૦૧.૦૮.૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક-એનજીસી/૧૧૨૦૧૦/MR-૩૪/ખ.

(૨) ગુજરાત સ્ટેટ કોલેજ પ્રિન્સિપાલ એસોશીયેશનની તા.૦૧.૦૮.૨૦૧૮ ની રજૂઆત.

આમુખ -

રાજયની સરકારી કોલેજો, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો(Constituent Colleges) અને યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના તા.૧-૧-૨૦૦૬ પછી નિયમોનુસાર સીધી ભરતીથી નિયુક્ત થયેલ આચાર્યશ્રીઓને પે બેન્ડ ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે-૧૦૦૦૦/- ના પગાર માળખામાં લઘુત્તમ પગાર રૂ.૪૩,૦૦૦/- મંજુર કરવા વંચાણે લીધેલ ક્રમાંક(૧) ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૧.૦૧.૨૦૦૬ પહેલા નિમણૂક પામેલા આચાર્યશ્રીઓના કિસ્સામાં તા.૦૧.૦૧.૨૦૦૬ ના રોજ લઘુત્તમ મૂળ પગાર રૂ.૪૩૦૦૦/- નિર્ધારિત કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક(૨) ના પત્રથી રજુઆત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-

પુખ્ત વિચારણાના અંતે, રાજ્યની સરકારી કોલેજો, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો(Constituent Colleges) અને યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના (તા.૦૧.૦૧.૨૦૦૬ ની સ્થિતિએ ચાલુ સેવામાં હોય તેવા આચાર્યશ્રીઓને પે બેન્ડ ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે-૧૦૦૦૦/- ના પગાર માળખામાં લઘુત્તમ પગાર રૂ.૪૩,૦૦૦/- મંજુર કરવા માટે નીચે જણાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ ઠરાવનો અમલ તા.૦૧.૦૪.૨૦૧૮ ની અસરથી કરવાનો રહેશે.

(૨) આ આચાર્યશ્રીઓના કિસ્સામાં જ્યાં સુધી ભારત સરકાર તરફથી ગ્રાન્ટ ન મળે ત્યાં સુધી એરીયર્સની ચૂકવણી કરવાની રહેશે નહીં.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૯.૧૧.૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અશોકસિંહ પરમાર )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લિભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડાં.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા, જુનાગઢ
- રજીસ્ટ્રારશ્રી, ગોવિંદગુરૂ યુનિવર્સિટી, ગોધરા
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ. કોલેજ, ગુજરાત રાજય, ગાંધીનગર( ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ખ.૧, ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-ખ-શાખા.